# BUSINESS મિત્ર Plus

# રૂપિયાની મંદી રોકવા રિઝર્વ બેન્ક ઈમર્જન્સી એકશન મોડમાં

**બીરેન વકીલ**



રૂપિયો ઓલટાઇમ નજીક પહોચ્યો છે. છેલ્લા એક માસમાં ફોરેક્સ રિઝર્વ ૫૧ અબજ ડોલર ઘટી ગઇ છે. ઓઇલ ક્રાઇસીસ હવે શિપિંગ ક્રાઇસીસમાં ગઇ છે, અલ નીનોને કારણે તેલીબીયાં-અનાજ-કઠોળમાં મોંઘવારી માઝા મુકે એવા એંધાણ છે, એટલે રિઝર્વ બેન્ક રૂપિયાના બચાવમાં કોઇ કસર છોડવા માગતી નથી. રૂપિયો ઓફશઓર બજારમાં શુક્રવારે ૯૬.૮૮ થઇ જતા, શનિવારે રિઝર્વ બેન્કે તાકીદના પગલા લીધા છે. ભારત પેટ્રોલિયમ, આઇઓસી, એચપીસીએલ- ત્રણ મોટી ઓઇલ કંપનીઓએ હવે ડોલર હેજિંગ માટે બજારમાં જવ નહી પડે. આરબીઆઇ પાસેથી સ્પેશિયલ ડોલર વિન્ડોમાંથી એમને ડોલર મળી જશે. બેન્કોએ હવે અમુક ડોલર કેશ આરબીઆઇ પાસે જમા રાખવી પડશે. ઓઇલ કંપનીઓની ડોલર હેજિંગ ડિમાન્ડ બજારમાંથી ગાયબ થતા રૂપિયો ત્વરીત પ્રત્યાઘાતમાં આજે ઉછળી શકે છે પણ હવે બાહ્ય નેગેટીવ પરિબળો એકસચેન્જ રેટ પર હાવી થતા દેખાય છે. મોંઘવારી માઝા મુકે એવા એંધાણ છે એટલે ડિસેમ્બરમાં આરબીઆઇએ ૫૦-૭૫ બેસીસ પોઇન્ટ રેટ હાઇક કરવો પડે એમ છે. રૂપિયામાં મંદી રોકવા આરબીઆઇએ બે મિલિયન ડોલરથી વધુના ડેરિવેટિવ સોદામાં લેન્ડરે રૂપિ વેલ્યુના મીનીમમ ૨૦ ટકા નાણાં આરબીઆઇ પાસે રાખવ પડશે, અંડરલાઈંગ એકસપોઝરની એસ્ટાબ્લીશ કર્યા વીના ૧૦૦ મિલિયન ડોલર સુધી ફોરવર્ડ એકસપોઝર બુકિંગ-કેન્સલેશન થઇ શકતા હતા તે લીમીટ હવે પાંચ મિલિયન ડોલર થઇ ગઇ છે. રીબુકીંગ પર નિયંત્રણ આવશે. ટુંકા ગાળા માટે રૂપિયો કદાચ સુધરી શકે પણ ડિસેમ્બર સુધીમાં રૂપિયો ૯૫-૧૦૨ની રેન્જમાં જઇ શકે. શનિવારે હુથી બળવાખોરોએ રિયાદ એરપોર્ટ પર ભીષણ હુમલો કર્યો છે. મીડલ ઇસ્ટ વોર વકરે એવા એંધાણ છે. ઓકટોબર પહેલા વીકમાં જ પર્શિયન ગલ્ફ-એશિયા સુપરટેન્કર ભાડા ૧૪ લાખ ડોલર પર ટેન્કર થઇ ગયા હતા. હવે એમાં વધુ ઉછાળો આવશે. હોરમુઝમાં ક્રુડના સીપ ટુ શીપ ટ્રાન્સફરમાં ઉછાળો આવતા ઘણા ખરા ટેન્કરો આ વિસ્તારમાં એકઠા થઇ જતા વિશ્વમાં ટેન્કરોની તીવ્ર અછત સર્જાઇ છે. અમેરિકાથી-ચીનમાં ક્રુડનો કાર્ગોનું ફ્રેઇટ ૭.૬૦ કરોડ ડોલર થઇ ગયું છે. વોર પછી આ ભાડું ૧૦ ગણુ વધ્યું છે. અમેરિકા-જાપાનથી કાર્ગો ફરેઇટ ૮.૨ કરોડ ડોલર પર કાર્ગો થઇ ગયા છે. હવે ક્રુડ હોરમુઝથી નીકળાનું લેવલ તો પ્રી વોર લેવલે પહોચ્યું છે પણ વોર પહેલા જે ભાડા હતા એની કરતા અત્યારે ભાડા ૧૦ ગણા વધી ગયા છે. અધરામાં પુરુ રશિયા-યુક્રેન વચ્ચે વોર વકરી છે. યુક્રેન રશિયાની રિફાઇનરી-ડેટા સેન્ટર- એનર્ડી આંચરમાળખા પર તેજ હુમલા કરી રહ્યું છે. ગત સપ્તાહે યુક્રેને રશિયાના ત્રણ ડેટા સેન્ટરોને નુકસાન કર્યુ છે. ક્રુડ-ખાતરની તેજી અને બ્લેક સીમાં યુક્રેનના અનાજગોદામ-પોર્ટ પર રશિયાના હુમલા ચાલુ છે એટલે વિશ્વ માટે ક્રુડ શોક- ફુડ સોક એમ બેવડી ક્રાઇસીસ તોળાય છે. અમેરિકામાં ૩ નવેમ્બરની મીડ ટર્મ પૂંટણી પુરી ન થાય ત્યાં સુધી બેડ એકટર્સ અત્ર-તત્ર-સર્વત્ર સક્રિય દેખાય છે.

ઘરઆંગણે બજારોની વાત કરીએ તો રૂપિયામાં ઝડપી નરમાઇ આવે તો શેરબજાર અને બોન્ડમાં એફઆઇઆઇની વેચવાલી વધે. ડિસેમ્બરમાં અમેરિકામાં વ્યાજદર વધવાની શકયતા છે. અમેરિકામાં ૩૦ વરસના બોન્ડ યિલ્ડ ૨૪ વરસની હાઇ પર એટલેકે ૫.૬૭ પહોચ્યા છે. વિશ્વના ૮૦ ટકા દેશોમાં બોન્ડ યિલ્ડ ૪ ટકા ઉપર છે એટલે હાલમાં અમુક લો રિસ્ક હેજ ફંડો કેશ-બોન્ડ તરફ વળ્યા છે.

**અનાજ-કઠોળમાં બેકાબુ તેજી- અમેરિકા-જાપાન ઓઇલકાર્ગો ૮.૨૦ કરોડ ડોલર- દસ ગણો ઉછાળો!**

હાલમાં રિઝર્વ બેન્ક માટે ક્રુડ અને અનાજ-તેલ-કઠોળની મોંઘવારી મોટો પડકાર છે. નબળુ ચોમાસુ-અલ નીનોને કારણે તેલ-કઠોળના ભાવો ઉછળ્યા છે. તહેવારોની ઘરાકી ખૂલી છે. રવી સિઝન માટે પ્રતિકૂળ વાતાવરણ છે. જયપુર રાયડો ૯૦૦૦ની સર્વોચ્ચ સપાટીએ પહોચ્યો છે. સોયાબીનમાં તાજેતરમાં તૂટીને ૫૬૦૦ના કરેકશનથી ઉછળી ભાવ ફરી ૬૭૦૦-૬૮૦૦ થઇ ગયા છે. ગવાર પાંચ વરસનો હાઇ ૭૮૦૦ થઇ ગયો હતો. એરંડામાં ૮૦૩૦નો ઓલટાઇમ હાઇ થયો છે. રાયડાતેલ ૧૭૩૦ થઇ ગયું છે. જયપુર રાયડાખોળ શનિવારે ૩૭૦૦ ઓલટાઇમ હાઇ બોલાઇ ગયો છે. મરાઠાવાડા-કર્ણાટક-વિદર્ભમાં ઉંચા તાપમાન- વરસાદની ખાધ વધુ રહેતા ચણા-તૂવેર-વટાણામાં લાલચોળ તેજી છે. પાછલા ૫-૬ માસમાં ચણા ૫૫૦૦ના બોટમથી વધીને ૭૬૦૦, વટાણા ૩૨૦૦ના બોટમથી વધીને ૪૬૦૦ થઇ ગયા છે. જવ ૨૬૦૦થી વધીને ૩૩૦૦ થઇ ગયા છે. લગભગ બધા શિયાળુ પાકોમાં વન વે તેજી છે. મસાલા પાકોમાં ધાણા-હળદરમાં નબળા ચોમાસા-નીચો કેરિસ્ટોકને કારણે ઝડપી તેજી આવતા જીરાની મંદી અટકી છે, જીરું જોકે માલની અછત નથી. જૂનો સ્ટોક ઘણો છે. હાલમાં સરકાર ખાંડ-કઠોળ-તેલીબીંયાની તેજી પર વોચ રાખે છે. યુપીની ચૂંટણીઓને અનુલક્ષી રાયડા-ચણામાં સ્ટોક લિમિટ નિયંત્રણો અને વપરાશકારોને મોંઘવારીના માર સામે રક્ષણ આપવા ચણાની-ખાદ્યતેલોમાં ડયુટીકટ આમ બેઉ બાબતે ખેડુત-વપરાશકાર વર્ગ વચ્ચે સંતુલન જાળવવાનો પડકાર છે.

સોનાચાંદીની વાત કરીએ તો બજાર બે-ત્રણ માસથી ૧૪૨૦૦૦-૧૬૨૦૦૦ની રેન્જમાં અથડાઇ ગયું છે. લાખની રેન્જમાં અથડાઇ ગયું છે. ચાંદી ૨.૧૫-૨.૫૫ લાખ વચ્ચે અથડાઇ ગઇ છે. બેઝ મેટલ્સમાં કોપર, ઝિંક, એલ્યુમિનિયમ પણ સાઇડવેઝ રેન્જબાઉન્ડ છે. યુરોપ-ચીનમાં સ્લોડાઉન, ફુગાવો, ઇમર્જિંગ બજારોમાં ક્રુડ-અનાજની તેજીથી સ્ટેગફ્લેશન રિસ્ક વચ્ચે કરન્સી- શેરબજારો દબાવમાં છે. નિફ્ટીમાં ધીમો ઘસારો છે. રેન્જ ૨૧૭૦૦-૨૨૪૦૦ ગણી શકાય. ઝડપી વ્યાજદર વધારા આવે તો ઓટોલોન, હોમલોન મોંઘી થાય તો રિઅલ એસ્ટેટ, હોમલોન, લકઝરી ગુડઝ સેકટરમાં સ્લોડાઉન આવે.

# અલ-નીનોને કારણે રવિ પાક પર જોખમ : બેંકોના કૃષિ ધિરાણની વસૂલાત અવરોધાશે




હજુ સુધી ચુકવણીના વલણો સ્થિર હોવા છતાં, જળાશયોના નીચા સ્તર અને અલ નિનોની સ્થિતિને કારણે આગામી રવિ સિઝન પર જોખમ ઊભું થયું છે. જેનાથી કૃષિ ધિરાણ અને ગ્રામીણ રોકડ પ્રવાહ પર અસર પડી શકે છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બેંકો સંભવિત અસરો સામે તૈયારી કરી રહી છે. સાર્વજનિક ક્ષેત્રની બેંકો પર આની અસર વિશેષ રૂપે જોવા મળી શકે છે, કારણ કે તેમની પાસે કૃષિ ધિરાણનો મોટો પોર્ટફોલિયો છે.આગામી રવિ સિઝન કૃષિ ધિરાણ માટે એક મુખ્ય જોખમ તરીકે ઊભરી રહી છે. જળાશયોના નીચા સ્તર અને અલ નિનોની સ્થિતિને કારણે ગ્રામીણ કેશ ફ્લો પર દબાણ આવવાની શક્યતા છે, જોકે બેંકોને અત્યાર સુધી ધિરાણ ચુકવણીમાં કોઈ મોટો ઘટાડો કે વિલંબ જોવા મળ્યો નથી પરંતુ આગામી મહિનાઓમાં અસર દેખાઇ શકે છે.

બુધવારે મોનિટરિંગ પોલિસી કમિટીની બેઠકના પરિણામોની જાહેરાત કરતી વખતે, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, નબળા

**જળાશયોના નીચા સ્તર અને અલ નિનોની સ્થિતિને કારણે ગ્રામીણ કેશ ફ્લો પર દબાણ આવવાની શક્યતા છે, જો કે બેંકોને અત્યાર સુધી ધિરાણ ચુકવણીમાં કોઈ મોટો ઘટાડો કે વિલંબ જોવા મળ્યો નથી પરંતુ આગામી મહિનાઓમાં અસર દેખાઈ શકે છે**

દક્ષિણ-પશ્ચિમ ચોમાસા અને અલ નિનોની તીવ્ર સ્થિતિની અસર આગામી રવિ સિઝન અને ગ્રામીણ માંગ પર પડી શકે છે. જો કે, તેમણે ઉમેર્યું કે બિન-કૃષિ ક્ષેત્રની મજબૂત પ્રવૃત્તિઓ ગ્રામીણ વપરાશને ટેકો આપવાનું ચાલુ રાખશે.

એક મોટી સરકારી બેંકના સિનિયર અધિકારીએ જણાવ્યું કે ધિરાણકર્તાઓ આ સંભવિત અસરનું આંકલન કરવાનું શરૂ કરી ચૂક્યા છે. તેમણે કહ્યું, "અમે એક અપ્રોચ પેપર તૈયાર કરી રહ્યા છીએ. એમાં બે-ત્રણ દિવસ લાગશે. ચિંતાઓ ચોક્કસપણે રહેલી છે." બેંકરે વધુમાં ઉમેર્યું, "કેસીસી (KCC - કિસાન ક્રેડિટ કાર્ડ) ના જોખમો પહેલાં પણ હતા, પરંતુ હવે દુષ્કાળની સ્થિતિને કારણે આગળ જતાં ચિંતા વધશે." તેમણે સ્પષ્ટ કર્યું કે આ સમસ્યા તમામ કૃષિ પોર્ટફોલિયોમાં એકસમાન નહીં હોય. સાર્વજનિક ક્ષેત્રની બેંકો પર આની અસર વિશેષ મહત્વની હોઈ શકે છે કારણ કે તેમની કૃષિ લોનનું પ્રમાણ વધુ છે. જૂન અંક સુધીના બેંક ડિસ્ક્લોઝર અનુસાર, સરકારી બેંકોના સ્થાનિક ધિરાણમાં કૃષિ ધિરાણનો હિસ્સો ૩૬.૭% સુધીનો છે.

બેંકો માટે આની અસરનો આધાર તેમના કૃષિ પોર્ટફોલિયોના કદ અને ઘનીકરણ પર રહેશે. જૂનના અંત સુધીમાં ઇન્ડિયન ઓવરસીઝ બેંકનું કૃષિ ધિરાણ રૂ. ૧.૧૨ લાખ કરોડ હતું, જે તેના સ્થાનિક ધિરાણના ૩૬.૭% થાય છે – આ સરકારી બેંકોના વિશ્લેષણમાં સૌથી વધુ છે. આ પછી ઇન્ડિયન બેંક ૨૫.૧%, કેનરા બેંક ૨૨.૯%, સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા ૧૮.૨% અને યુનિયન બેંક ઓફ ઇન્ડિયા ૧૭.૩% પર આવે છે. મૂલ્યની દ્રષ્ટિએ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (SBI) નું કૃષિ બુક સૌથી મોટું એટલે કે રૂ. ૪.૩૭ લાખ કરોડનું હતું, જોકે તે તેના કુલ સ્થાનિક ધિરાણના સરખામણીમાં ૧૦.૨% જેટલું જ હતું.

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના ચેરમેન સી. એસ. શેટ્ટીએ જણાવ્યું હતું કે ઊંચા વ્યાજદર અને અલ નિનોને કારણે કૃષિ ધિરાણ પર થોડું દબાણ આવી શકે છે, પરંતુ તેઓ સમગ્ર બેંકિંગ સિસ્ટમની એસેટ ક્વોલિટીમાં કોઈ મોટા ઘટાડાની અપેક્ષા રાખતા નથી. તેમણે કહ્યું, "કૃષિ પોર્ટફોલિયો પર થોડી અસર પડી શકે છે, પરંતુ સિસ્ટમ સ્તરે, મને એસેટ ક્વોલિટી પર કોઈ મોટું જોખમ દેખાતું નથી." કેનરા બેંકનો કૃષિ પોર્ટફોલિયો રૂ. ૨.૭૬ લાખ કરોડ હતો, ત્યારપછી પંજાબ નેશનલ બેંક રૂ. ૨ લાખ કરોડ અને બેંક ઓફ બરોડા રૂ. ૧.૯૨ લાખ કરોડ પર રહ્યા હતા.

કર્ણાટક અને મહારાષ્ટ્ર બાદ આંધ્ર પ્રદેશ સરકારે મંગળવારે ૨૧ જિલ્લાઓના ૩૮૮ મંડળોમાં દુષ્કાળ જાહેર કર્યો હતો. પાકના નુકસાન અને ઓછા વરસાદને કારણે રાજ્યના અડધાથી વધુ વહીવટી બ્લોક્સ હવે દુષ્કાળગ્રસ્ત વર્ગીકૃત થયા છે.

મહારાષ્ટ્ર સ્ટેટ-લેવલ બેંકર્સ કમિટીએ બેંકોને રાજ્યમાં દુષ્કાળ જેવી સ્થિતિથી પ્રભાવિત યોગ્ય ખેડૂતોની કૃષિ લોનનું પુનર્ગઠન કરવા નિર્દેશ આપ્યો છે. આ સપ્તાહે યોજાયેલી બેઠકમાં, કમિટીએ ધિરાણકર્તાઓને આગામી રવિ સિઝન, ખેતીકામ અને આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી માટે ખેડૂતોને નવી અને વધારાની ક્રેડિટ આપવા પણ જણાવ્યું હતું. કમિટીએ નિર્ણય લીધો કે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા(RBI)ની માર્ગદર્શિકા અનુસાર પુનર્ગઠન હાથ ધરવામાં આવશે, જેમાં ચુકવણીના સમયગાળાને ફરીથી શેડ્યૂલ કરવાનો અને લોનના હપ્તાઓમાં ફ્લેક્સિબિલિટી આપવાનો સમાવેશ થાય છે. બેંકોને આ પગલાં તરત જ લાગુ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ICRAને પણ અપેક્ષા છે કે પ્રતિકૂળ હવામાનની વધુ અસર

**બેન્કીંગ-બઝ**

રવિ સિઝન પર જોવા મળશે. ICRAના ચીફ રેટિંગ ઓફિસર કે. રવિચંદ્રને જણાવ્યું હતું કે, "ગ્રામીણ કેશ ફ્લો પર અસર પડશે. ખરીફ મોસમ મોટા ભાગે ઠીક રહેશે, પરંતુ રવિ સિઝન પર સૌથી વધુ અસર પડશે. જળાશયોના સ્તર પણ ઉત્સાહજનક નથી." ડેટા અનુસાર, વરસાદની અછતને કારણે ભારતના જળાશયોનું સ્તર ૧૧ વર્ષ નીચલી સપાટીએ હતું.

એનાલિસ્ટ્સનું કહેવું છે કે ગ્રામીણ કેશ ફ્લોમાં કોઈપણ નબળાઈની અસર માત્ર કૃષિ લોન સુધી મર્યાદિત નહીં રહે પણ તેનો વ્યાપ વધશે. ICRA ના જણાવ્યા મુજબ, ટ્રેક્ટર, ટુ-વ્હીલર, FMCG પ્રોડક્ટ્સ, એગ્રોકેમિકલ્સ અને કોમર્શિયલ વ્હીકલ્સની માંગ પર દબાણ આવી શકે છે, કારણ કે ગ્રામીણ ગ્રાહકો ખરીદી મુલતવી રાખી શકે છે અથવા સસ્તા ઉત્પાદનો તરફ વળી શકે છે. જો કે, શહેરી વપરાશ દ્વારા આ માંગને થોડો સપોર્ટ મળવાની અપેક્ષા છે. રેટિંગ એજન્સીઓ પણ એવી અપેક્ષા રાખતી નથી કે ગ્રામીણ ચુકવણીમાં સામાન્ય ઘટાડો મોટા ધિરાણકર્તાઓ માટે તાત્કાલિક મોટા ક્રેડિટ નુકસાનમાં પરિણમશે. રવિચંદ્રને કહ્યું કે મોટાભાગની મોટી બેંકો અને NBFCs પાસે વિવિધ પ્રકારના પોર્ટફોલિયો અને મજબૂત કેપિટલ બફર્સ છે.

# દોઢ મહિનાથી ઓછા સમયમાં વિશ્વભરમાં ડેટા બ્રીચને કારણે ૩૨ કરોડ લોકોની માહિતી લીક



સપ્ટેમ્બર મહિનાથી અત્યાર સુધીમાં વિશ્વભરમાં ડેટા ભંગના કારણે 32 કરોડ લોકોની માહિતી લીક થઈ હોવાના અહેવાલ બહાર આવ્યા છે. અગત્યની ઘટનાઓમાં, અમેરિકાના 15.3 કરોડ ડ્રાઈવિંગ લાયસન્સના ડિજિટલ સ્કેન લીક થયા હોવાનું સામે આવ્યું છે, જેના રેકોર્ડ્સ ડાર્ક વેબ પર રશિયન સાયબર ક્રાઇમ ફોરમ પર વેચાણ માટે મૂકવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે.

નિકેઇ એશિયના એક અહેવાલ મુજબ, સપ્ટેમ્બર મહિનાથી લઈને અત્યાર સુધીના

**સપ્ટેમ્બરમાં સંસ્થાઓએ અઠવાડિયામાં સરેરાશ 2,803 સાયબર હુમલાનો સામનો કરવો પડ્યો હતો, જે એક વર્ષ અગાઉના સમયગાળા કરતાં 48 ટકા વધુ છે**

ટૂંકા ગાળામાં જ વિશ્વભરમાં ડેટા લીકની ઘટનાઓમાં ઓછામાં ઓછા 32 કરોડ લોકોની વ્યક્તિગત માહિતી ખુલ્લી થઈ ગઈ છે. આ તારણો સાયબર હુમલાના વધી રહેલા વ્યાપ પર પ્રકાશ પાડે છે, જેમાં ગુનેગારો કંપનીના સિસ્ટમ્સને ખોરવી નાખવા કે ખંડણી માંગવાને બદલે વ્યક્તિગત માહિતી ચોરી કરવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. વિશ્વભરની સંસ્થાઓ સાયબર હુમલામાં વધારાનો સામનો કરી રહી છે ત્યારે આ વલણ સામે આવ્યું છે. ચેક પોઈન્ટ રિસર્ચના સપ્ટેમ્બર 2026 ના 'સાયબર થ્રેટ લેન્ડસ્કેપ' અહેવાલ મુજબ, સપ્ટેમ્બરમાં સંસ્થાઓએ અઠવાડિયામાં સરેરાશ 2,803 સાયબર હુમલાનો સામનો કરવો પડ્યો હતો, જે એક વર્ષ અગાઉના સમયગાળા કરતાં 48 ટકા વધુ છે. દરમિયાન, માઈક્રોસોફ્ટના ડિજિટલ ડિફેન્સ રિપોર્ટ 2026 માં જાણવા મળ્યું છે કે 63 ટકા ઘૂસણખોરીમાં ડેટાની ચોરી સામેલ હતી. બીજી તરફ, સાયબર સિક્યોરિટી ફર્મ કાસ્પરસ્કીની ગ્લોબલ રિસર્ચ એન્ડ એનાલિસિસ ટીમ અનુસાર, ભારત એશિયા-પેસિફિક (APAC) ક્ષેત્રના એવા પાંચ દેશોમાં સામેલ છે જેને એડવાન્સ્ડ પર્સિસ્ટન્ટ થ્રેટ્સ (APTs) દ્વારા સૌથી વધુ નિશાન બનાવવામાં આવ્યા છે. સિક્યોરિટી ફર્મ્સે સાયબર હુમલાના વિવિધ તબક્કાઓને સ્વચાલિત કરવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI) ના વધી રહેલા ઉપયોગ તરફ પણ ધ્યાન દોર્યું છે.

નિકેઇ એશિયાએ વિશ્વભરમાં સાર્વજનિક રૂપે જાહેર કરાયેલી એવી ડેટા લીકની ઘટનાઓની તપાસ કરી હતી જેમાં ઓછામાં ઓછા 1,00,000 પીડિતો સામેલ હતા. તેના વિશ્લેષણમાં કંપની અને સરકારની જાહેરાતો, સંશોધન ફર્મોની માહિતી અને હુમલાખોરો દ્વારા કરવામાં આવેલા દાવાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો, શરત એ હતી કે અસરગ્રસ્ત કંપનીઓએ ડેટા લીકની ઘટના સ્વીકારી હોય. અગત્યની ઘટનાઓમાં, આઈડેન્ટિટી વેરિફિકેશન કંપની IDScan.netમાંથી અમેરિકાના 15.3 કરોડ ડ્રાઈવિંગ લાયસન્સના ડિજિટલ સ્કેન લીક થયા હોવાનું સામે આવ્યું છે. અમેરિકન સાયબર સિક્યોરિટી બ્લોગે અહેવાલ આપ્યો હતો કે આ રેકોર્ડ્સ ડાર્ક વેબ પર રશિયન સાયબર ક્રાઇમ ફોરમ પર વેચાણ માટે મૂકવામાં આવ્યા હતા. IDScan.net એ પાછળથી જણાવ્યું હતું કે એક અનાધિકૃત તૃતીય પક્ષે 4 એપ્રિલથી 2 સપ્ટેમ્બર વચ્ચે તેની સિસ્ટમના અમુક ભાગમાં અનધિકૃત પ્રવેશ કર્યો હતો. કઝાકિસ્તાન સ્થિત મલ્ટિનેશનલ પિઝા ચેન ઓપરેટર ડોડો બ્રાન્ડ્સને પણ સાયબર હુમલાનો સામનો કરવો પડ્યો હતો જેમાં તેના 6.8 કરોડ ગ્રાહકોનો ડેટા ચોરાઈ ગયો હતો. ન્યૂઝ રિપોર્ટમાં જણાવ્યા અનુસાર કંપનીએ સપ્ટેમ્બરના અંતમાં રશિયા અને તુર્કીના અધિકારીઓને આ ઘટનાની જાણ કરી હતી.

નિકેઇ દ્વારા આવરી લેવામાં આવેલા 35 ડેટા લીકના કિસ્સાઓમાંથી 20 કિસ્સા જાપાનના હતા, જેણે કુલ 5.7 કરોડ લોકોને અસર કરી હતી. તેમાં બાર્બેક્યુ રેસ્ટોરન્ટ ચેન ઓપરેટર સાથે જોડાયેલી ઘટનાનો સમાવેશ થાય છે જેમાં 1.078 કરોડ ગ્રાહકો અસરગ્રસ્ત થયા હતા, અને કાર-શેરિંગ સેવા પ્રદાતાનો સમાવેશ થાય છે જેમાં 66 લાખ ગ્રાહકોને અસર થઈ હતી. અમેરિકામાં મોટા પ્રમાણમાં ડેટા લીકની નોટિસોના બેકગ્રાઉન્ડ વચ્ચે આ ઘટનાઓનો વ્યાપ સામે આવ્યો છે. યુએસ સ્થિત નોન-પ્રોફિટ ઓર્ગેનાઇઝેશન આઈડેન્ટિટી થેફ્ટ રિસોર્સ સેન્ટરે અંદાજ લગાવ્યો હતો કે 2026 ના પ્રથમ છ મહિનામાં 47.12 કરોડ ડેટા લીકના પીડિતોને નોટિસ આપવામાં આવી હતી. સંસ્થાઓ વ્યાપક સાયબર ખતરાનો સામનો કરી રહી હોવાથી ડેટા ભંગમાં વધારો થયો છે. ચેક પોઈન્ટ રિસર્ચે શોધી કાઢ્યું કે સપ્ટેમ્બર 20206 માં સંસ્થાઓએ અઠવાડિયામાં સરેરાશ 2,803 સાયબર હુમલાનો સામનો કરવો પડ્યો હતો, જે ઓગસ્ટથી 16 ટકા અને સપ્ટેમ્બર 2025 થી 48 ટકાનો વધારો દર્શાવે છે. શિક્ષણ ક્ષેત્રને સૌથી વધુ નિશાન બનાવવામાં આવ્યું હતું, જેણે પ્રતિ સંસ્થા અઠવાડિયામાં સરેરાશ 6,656 હુમલાનો સામનો કર્યો હતો, જે એક વર્ષ અગાઉ કરતાં 59 ટકા વધુ છે. ટેલિકોમ્યુનિકેશન્સ અને સરકાર ત્યારબાદના ક્રમે રહ્યા હતા, જેમાં પ્રતિ સંસ્થા અનુક્રમે 3,483 અને 3,443 સાપ્તાહિક હુમલા નોંધાયા હતા. અહેવાલમાં સપ્ટેમ્બરમાં 824 રેન્સમવેર હુમલા પણ નોંધાયા છે, જે ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીએ 53 ટકા વધુ છે.

ફિશિંગ હુમલા પણ વધુ વારંવાર બન્યા છે. સપ્ટેમ્બરમાં દર 91માંથી 1 ઈમેઈલ વર્ગીકૃત રીતે ફિશિંગ હતો, જ્યારે ઓગસ્ટમાં દર 112 માંથી 1 ઈમેઈલ ફિશિંગ હતો. ફિશિંગમાં લોકોને સંવેદનશીલ માહિતી પ્રગટ કરવા, હાનિકારક લિંક્સ પર ક્લિક કરવા અથવા નુકસાનકારક ફાઈલો ડાઉનલોડ કરવા માટે છેતરવા હેતુથી મોકલવામાં આવતા કપટપૂર્ણ સંદેશાઓ સામેલ હોય છે. સાયબર હુમલાઓનું સ્વરૂપ પણ બદલાઈ રહ્યું હોય તેવું લાગે છે, જેમાં AI ગુનેગારોને વધુ ઝડપથી અને મોટા પાયે કામગીરી કરવામાં મદદ કરી રહ્યું છે. શક્તિશાળી AI મોડેલોની વધતી જતી ઉપલબ્ધતા અત્યાધુનિક સાયબર હુમલા કરવા માટેના અવરોધોને વધુ

**ઓફ-બીટ**

સરળ બનાવી શકે છે. ડેટા લીકથી અસરગ્રસ્ત એક ટેકનોલોજી કંપનીના સાયબર સિક્યોરિટી એન્જિનિયરે સતત થતા હુમલાનું વર્ણન કર્યું હતું જે માનવ ઓપરેટરો સંભાળી શકે તેના કરતાં વધુ ઝડપી જણાયા હતા. જો કે, હુમલામાં સામાન્ય રીતે સ્વચાલિત સાધનો સાથે સંકળાયેલી નિયમિત પેટર્નનો અભાવ હતો. આનાથી જાણવા મળ્યું કે હુમલાખોરો પોતાની કામગીરીને વધુ ઝડપી અને અણધારી બનાવવા માટે AI ક્ષમતાઓને અન્ય તકનીકો સાથે જોડી રહ્યા હોઈ શકે છે. બિઝનેસ ઈમેઈલ ઈમ્પર્સનેશનમાં હુમલાખોરો પ્રાપ્તકર્તાઓને માહિતી શેર કરવા અથવા નાણાં ટ્રાન્સફર કરવા માટે છેતરવાના હેતુથી કાયદેસરની વ્યક્તિઓ અથવા સંસ્થાઓ હોવાનો ઢોંગ કરે છે. જોઈ શકાય છે કે સાયબર હુમલાઓનું પ્રમાણ જ નહીં તેની રીતોમાં પણ વધારો થયો છે.

# કાચા માલના ભાવમાં ઉછાળાથી પ્લાસ્ટિક ઉદ્યોગની મુશ્કેલીઓ વધશે



ઇઝરાયેલ-ઈરાન સંઘર્ષની અસર વચ્ચે ક્રુડ ઓઈલના ભાવમાં થયેલા વધારાને પગલે પોલિમરના ભાવમાં તીવ્ર વધારો થતાં ગુજરાતના પ્લાસ્ટિક ઉત્પાદન ક્ષેત્ર પર ખર્ચનું દબાણ વધ્યું છે. પ્લાસ્ટિક ઉત્પાદકોના જણાવ્યા મુજબ કાચા માલના ભાવમાં અચાનક થયેલા વધારાથી ઈનપુટ ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે, ખરીદીની પ્રક્રિયામાં ફેરફાર આવ્યો છે અને અનેક એકમો તેમની સ્થાપિત ઉત્પાદન ક્ષમતાની સરખામણીમાં ઘણી ઓછી ક્ષમતાએ કામ કરવા મજબૂર બન્યા છે.

**કરન્ટ-ટોપિક**

ગુજરાત દેશમાં પ્લાસ્ટિક ઉત્પાદન ક્ષેત્રે અગ્રણી રાજ્ય છે. દેશના કુલ પ્લાસ્ટિક ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો અંદાજે 35થી 40 ટકા જેટલો છે અને રાજ્યમાં 15000થી 20000 વધુ પ્લાસ્ટિક ઉત્પાદન એકમો કાર્યરત છે. જે પાંચથી સાત લાખ લોકોને રોજગારી પુરી પાડે છે. નાના મોલ્ડિંગ વર્કશોપથી લઈને પેકેજિંગ, કન્ઝ્યુમર ગુડ્સ અને ઓટોમોબાઈલ ઘટકોનું ઉત્પાદન કરતા મોટા પ્રોસેસર્સ સુધીના ઉદ્યોગો પર પોલિમરના વધતા ભાવની અસર જોવા મળી રહી છે.

ઉદ્યોગના પ્રતિનિધિઓના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક મહિનામાં પોલિમરના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. તેના કારણે ઉત્પાદકોના નફાના માર્જિનમાં ઘટાડો થયો છે અને વર્કિંગ કેપિટલ પર પણ ભારે દબાણ આવ્યું છે. ખાસ કરીને નાના અને મધ્યમ કદના એકમો માટે પરિસ્થિતિ વધુ મુશ્કેલ બની છે. અગાઉ ભાવ અને સપ્લાયમાં થતી વધઘટને ધ્યાનમાં રાખીને પૂરતો કાચો માલ સ્ટોકમાં રાખતા એકમોએ હવે ખરીદીમાં ઘટાડો કર્યો છે.

ગુજરાત સ્ટેટ પ્લાસ્ટિક મેન્યુફેક્ચરર્સ એસોસિયેશનના પ્લેક્સપોના સેક્રેટરી રમેશ ઠુમ્મરે જણાવ્યું હતું કે અગાઉ ઉત્પાદકો સપ્લાયમાં થતી અસ્થિરતાને પહોંચી વળવા માટે કાચા માલનો સ્ટોક રાખતા હતા, પરંતુ હાલની સ્થિતિમાં તેમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. નાના અને મધ્યમ ઉદ્યોગો માટે નાણાકીય દબાણ સૌથી વધુ છે. મોંઘા ભાવે પૂરતો સ્ટોક રાખવો તેમના માટે મુશ્કેલ બની રહ્યો છે. તેમના જણાવ્યા અનુસાર કેટલાક કારખાનાઓ હાલ તેમની કુલ ઉત્પાદન ક્ષમતાના અડધાથી પણ ઓછા સ્તરે ચાલી રહ્યા છે. જો આ સ્થિતિ લાંબા સમય સુધી યથાવત રહે તો દિવાળી બાદ કેટલાક ઉદ્યોગો કામચલાઉ રીતે ઉત્પાદન બંધ કરવાનો પણ વિચાર કરી શકે છે.

કાચા માલના ભાવમાં સતત વધઘટને કારણે ઉત્પાદકોની ખરીદીની પદ્ધતિમાં પણ ફેરફાર આવ્યો છે. અગાઉ કંપનીઓ મોટા પ્રમાણમાં કાચો માલ ખરીદીને સ્ટોક રાખતી હતી, જ્યારે હવે મોંઘા સ્ટોકમાં નાણાં ફસાઈ ન જાય તે માટે ટૂંકા ગાળાના અંતરે જરૂરીયાત મુજબ ખરીદી કરવામાં આવી રહી છે. જોકે, આ પદ્ધતિના કારણે ભાવમાં વધુ વધારો થાય અથવા સપ્લાયમાં અડચણ આવે તો ઉત્પાદન અટકી જવાનું જોખમ પણ વધી રહ્યું છે.

**પોલિમરના ભાવ વધતાં ગુજરાતના પ્લાસ્ટિક ઉત્પાદકો પર ખર્ચનું દબાણ વધ્યું, અનેક એકમો અડધી ક્ષમતાથી પણ ઓછા સ્તરે કાર્યરત, પેકેજીંગ મટીરીયલ્સના ભાવો વધતા ફુડ પ્રોસેસીંગ, કન્ફેશનરી ઈન્ડસ્ટ્રીઝ ઉપર ભારણ વધશે**

આ પડકારજનક પરિસ્થિતિ વચ્ચે ઉદ્યોગના આગેવાનોનું માનવું છે કે કાચા માલના ભાવ સ્થિર થયા બાદ નવા ક્ષેત્રોમાં વધતી પ્લાસ્ટિકની માંગ ઉદ્યોગને ટેકો આપી શકે છે. પ્લેક્સપોના ચેરમેન ભરત પટેલે જણાવ્યું હતું કે ઈલેક્ટ્રિક મોબિલિટી અને રિન્યુએબલ એનર્જી જેવા ક્ષેત્રોમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. ખાસ કરીને ઈલેક્ટ્રિક વાહનોના ઘટકો તેમજ સોલાર સપ્લાય ચેઈન સાથે સંકળાયેલા ઉત્પાદનોમાં પ્લાસ્ટિક પ્રોસેસર્સ માટે નવી તકો ઊભી થઈ રહી છે.